NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત, ભારત

## –: પરિપત્ર :–

આથી સંબધકર્તા સર્વેને જણાવવાનું કે, સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની સત્રાંત પરીક્ષા માહે ડિસેમ્બર–૨૦૧૭/જાન્યુઆરી–૨૦૧૮માં યોજાનાર છે. આ સત્રાંત પરીક્ષાઓના પરિણામ તૈયાર કરવા માટે ઓનલાઈન એકઝામીનેશન સોફ્ટવેર ઓફ એનએયુ કાર્યરત છે. જેમા નીચે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

(૧) **એમ્પ્લોયી રજીસ્ટ્રેશનઃ– (Employee Registration) :–**

નવા નિયુકત શિક્ષકોના સંબધિત મહાવિદ્યાલય/પોલીટેકનીકમાં શિક્ષક તરીકે અથવા મહાવિદ્યાલયમાં રેકોગનાઈઝડ ગાઈડ તરીકેનું લોગીન બનાવવાનું રહેશે.

વધુમાં જો કોઈ શિક્ષક તરીકે ભણાવતાં હોય અને તે જ મહાવિદ્યાલયમાં રેકોગનાઈઝડ ગાઈડ તરીકે માન્યતા મળેલ હોય, તેવા શિક્ષકોના આઈડીમાં સીલેકટ રોલ ગાઈડ તરીકે કરાવવાનું રહેશે અને અત્રે જાણ કરવાની રહેશે.

(૨) **સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનીકઃ– સ્ટાફ કોર્ષ મેપીંગ (Staff Course Mapping) :–**

સ્નાતક, અનુસ્નાતક અને પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે જે શિક્ષકો ધ્વારા વિષયો ભણાવેલ હોય તેઓનું સ્ટાફ કોર્ષ મેપીંગ આચાર્યશ્રીની કચેરીએથી સમયસર કરવાનું રહેશે.

***સ્નાતક કક્ષાએ જે ફેકલ્ટીમાં કોમન પરીક્ષાઓ યોજાતી હોય, તેનું સ્ટાફ કોર્ષ મેપીંગ સમયસર કરી દેવું જેથી એક્ષટર્નલ એકઝામીનરની પેનલ સોફટવેરમાં સમયસર બનાવી શકાય.***

(૩) **અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેઃ– સ્ટુડન્ટ સબ્જેકટ મેપીંગ (Student Subject Mapping) :–**

અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થીને સેમેસ્ટરમાં ઓફર કરેલ વિષયોનું મેપીંગ મેજર, માઈનોર, સપોર્ટીગ/એપ્લાઈડ, નોન–ક્રેડિટ કંમ્પલસરી કોર્ષીસ (પીજીએસ કોર્ષીસ), રીસર્ચ (થીસીસ) વિગેરે લાગુ પડતાં હોય, તે ધ્યાન રાખીને સબ્જેકટ મેપીંગ ***તા.૩૦/૧૧/૨૦૧૭*** સુધીમાં કરવાનું રહેશે.

***વધુમાં મેજરગાઈડે માસ્ટર/ડોકટરેટ રીસર્ચ વિષય એટલે કે વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ (કચ્ચા બાઉન્ડ) કરવાનો હોય, તે સેમેસ્ટરમાં મેપ કરવાનો રહેશે.***

વધુમાં જણાવવાનું કે, માસ્ટર/પીએચ.ડી. ડીગ્રીમાં અભ્યાસ કરતાં જે વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયત સેમેસ્ટરમાં પૂર્ણ થયેલ નથી તથા જેમને સેમેસ્ટરમાં વધારાની મંજુરી મેળવી અભ્યાસ કરેલ છે તેવા વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીને araca@nau.in પર મોકલી આપવાના રહેશે. જેથી તેઓની કાર્યવાહી હાથ ધરી શકાય.

(૪) **અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેઃ– સ્ટુડન્ટ સપ્લી. મેપીંગ (Student Supple Mapping) :–** અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થી અગાઉના સેમેસ્ટરમાં નાપાસ થયેલ વિષયની પરીક્ષા આપવાનો હોય, તો તેનું મેપીંગ પણ કરવાનું રહેશે. જેમાં વિષયોની સામે ટીક માર્ક (√) કરી સેવ કરવાનું રહેશે અને સ્ટેટસમાં મેપ આવશે, જે ચેક કરી લેવાનું રહેશે.

જો કોઈ કિસ્સામાં સોફટવેરમાં પશ્નો ઉદ્ભવે તો આ કચેરીને araca@nau.in માં વિગતવાર મેઈલ કરવાનો રહેશે ત્યારબાદ જ તે અંગેની કાર્યવાહી હાથ ધરાશે.

ઉપરોકત પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

R.V...

**કુલસચિવ**

જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/સોફટવેર/ ૧૬૦૩ – ૨૬ /૨૦૧૭,
તા. ૧૬ / ૧૧ / ૨૦૧૭

**નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂં :**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી.
(૨) આ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ.
(૩) આ યુનિવર્સિટીની તમામ પોલીટેકનીકના આચાર્યશ્રીઓ.
(૪) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૫) આ શાખાના યુજી / પીજી / પોલીટેકનીક ટેબલ તરફ.